# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-01-2025 Day : Tuesday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

આજે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખો આજે જાહેર કરાઈ છે. આ અંગે સાંભળીએ એક વિશેષ અહેવાલ

(અશરફ નથવાણી)

રાજ્ય ચૂંટણીપંચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટેની તારીખો જાહેર કરી છે.

જે મુજબ એક મહાનગર પાલિકા અને 66 નગરપાલિકાઓ, 3 તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા 2 નગરપાલિકાઓની મધ્યસત્ર ચૂંટણી માટનું મતદાન આગામી 16મી ફેબ્રુઆરીએ યોજાશે. જયારે 18મી ફેબ્રુઆરીએ મત ગણતરી હાથ ધરાશે. આ ઉપરાંત, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રસંગોપાત ખાલી પડેલી મહાનગરપાલિકાઓની 3 બેઠકો, નગરપાલિકાઓની 21 બેઠકો, જિલ્લા પંચાયતોની 7 બેઠકો તથા તાલુકા પંચાયતોની 91 બેઠકોની પેટા ચૂંટણીઓ આ સાથે યોજાશે.

કચ્છની વાત કરીએ તો રાપર અને ભચાઉ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી જાહેર કરાઈ તેમજ ભચાઉ, મુંદરા અને માંડવી તાલુકા પંચાયતોની એક-એક બેઠક માટે પેટાચૂંટણી યોજાશે. ચૂંટણીપંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ, આગામી 27મી જાન્યુઆરીએ જાહેરનામુ પ્રસિધ્ધ કરાશે. ઉમેદવારી પત્રો પહેલી

ફેબ્રુઆરી સુધી ભરે શકાશે અને ત્રીજી ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ચોથી ફેબ્રુઆરી નક્કી કરાઈ છે.

16મી ફેબ્રુઆરીએ મતદાન ઉપરાંત જો જરૂર જણાય તો 17મી ફેબ્રુઆરીએ પુનઃ મતદાનનો દિવર પણ રાખવામં આવશે અને 18મીએ મતગણતરી સાથે ચૂંટણીના પરીણામો જાહેર થશે.

ચૂંટણી જાહેર થવાની સાથે જ આજે એટલે 21મી જાન્યુઆરીથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.

અશરફ નથવાણી આકાશવાણી સમાચાર ભુજ

---------------------------------------------------------------------------------------

## ટપાલ વિભાગ – ડાક ચૌપાલ

ભારતીય ડાક વિભાગ દ્વારા 26મી જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વ પ્રસંગે કચ્છની તમામ પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રધ્વજ ફરકાવાની સાથે ડાક ચૌપલાનું આયોજન કરાયું છે.

કચ્છ પોસ્ટલ ડીવિઝનના સુપ્રીન્ટેન્ડેન્ટ એસ.આર. મિસ્ત્રીએ જણાવ્યું કે ડાક ચોપાલનો ઉદેશ્ય સમાજના છેવાડાના વર્ગ સુધી સરકારી અને નાગરિક કેન્દ્રિત સુવિધાઓ પહોંચાડવાનો છે. સરકારી વિવિધ સામાજિક, કલ્યાણકારી યોજનાઓનો લાભ એક જ છત નીચે મળી રહે તે માટે ડાક ચૌપાલનું આયોજન કરાયું છે. ગણતંત્ર દિવસે કચ્છની 508 પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સાથે ડાકચૌપાલનું આયોજન કરાયું છે. ડાક ચૌપાલ કાર્યક્રમ નાગરિકોને સરકારી યોજનાઓ સાથે સીધા જોડવાનો એક અસરકારક માર્ગ સાબિત થશે.

---------------------------------------------------------------------------------------

## માંડવી– એસટી ડેપો સુરક્ષા સપ્તાહ

માંડવી એસ.ટી. ડેપો ખાતે સુરક્ષા સપ્તાહની ઉજવણી કરાઇ હતી. આ પ્રસંગે સૌ વાહન ચાલકો સલામતી ભર્યું ડ્રાઇવિંગ કરે અને અકસ્માત ન થાય તેવી તકેદારી રાખવા માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ચાલુ ફરજે મોબાઇલનો ઉપયોગ ન કરવા જણાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એસ.ટી. વિભાગના કર્મચારીઓ, મુસાફરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

---

## ખેંગારપર – રક્ષા મંત્રાલય દ્વારા ગણતંત્ર દિવસ પર આમંત્રણ

**ગણતંત્ર દિવસ સમારોહ 2025માં ઉપસ્થિત રહેવા ખેંગારપરનાં યુવકને ભારતીય રક્ષા મંત્રાલય દ્વારા આમંત્રણ અપાયું છે. ડિસેમ્બર માસની ગત તારીખ 2થી 13 દરમિયાન ભારતીય રક્ષા મંત્રાલય દ્વારા MyGov પોર્ટલ પર ક્વિઝ શ્રેણી યોજાઈ હતી. જેમાં વિવિધ રાજ્યોમાંથી 91 હજાર 65 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. અંજાર તાલુકાના ખેંગારપર ગામના ધવલ રમણીકભાઈ ઠક્કરે ઓછા સમયમાં સાચા જવાબો આપી રાજ્યમાં તૃતીય તેમજ દેશમાં 33મો ક્રમાંક મેળવતા નવી દિલ્હી કર્તવ્ય પથ ખાતે રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનારા ગણતંત્ર દિવસ સમારોહમાં ઉપસ્થિત રહેવા ભારતીય રક્ષા મંત્રાલય દ્વારા આમંત્રણ આપવામાં આવતા યુવકે કચ્છને ગૌરવ અપાવ્યું છે.**

---

## કચ્છ યુનિ – સાહિત્યકારની વાર્તા અભ્યાસક્રમનો સમાવેશ

**કચ્છના જાણીતા સાહિત્યકાર ગૌતમ જોશીની વાર્તા `નીંગરી' કચ્છ યુનિવર્સિટીના એમ.એ.ના ચોથા સેમેસ્ટરના પાઠયપુસ્તકમાં સમાવવામાં આવી છે. તેમની આ વાર્તાનો ડો. કાશ્મીરા મહેતાએ અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. કચ્છ યુનિ.ના એમ.એ.ના ચોથા સેમેસ્ટરના પાઠયપુસ્તકમાં માર્ક ટવેઇન, એન.આર. નારાયણમૂર્તિ જેવા પ્રખ્યાત લેખકોની સાથે કચ્છના સાહિત્યકારને પણ સ્થાન મળ્યું છે. મૂળ કચ્છીમાં લખાયેલી આ વાર્તા લોકકથા પર આધારિત છે.**

---------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં વાતાવરણીય વિષમતા જોવા મળી રહી છે. સવાર અને સાંજના સમયે ઠંડીનો ચમકારો અનુભવાય છે, તો બીજીતરફ બપોરના સમયે ગરમીનો અનુભવ લોકોને થઈ રહ્યો છે. આજે નલિયામાં લઘુતમ તાપમાન 11 ડિગ્રી નોંધાયું છે, જે સતત ત્રીજા દિવસે પણ ડબલ આંકડામાં રહ્યું છે. તો ભુજમાં લઘુતમ તાપમાન 14.4 ડિગ્રી અને કંડલામાં 16 ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું. આમ લોકોને દિવસ દરમિયાન ગરમ કપડાં પહેરવામાંથી રાહત મળી છે, પરંતુ સાંજ પડતાં જ ફરી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવુ વિષમ વાતાવરણ હજુ કેટલાક દિવસો સુધી જળવાઈ રહે તેવી શક્યતા છે.

---------------------------------------------------------------------------------

## ચાંદ્રાણી – વૈદિક ગુરૂકુળનું ખાતમુહૂર્ત

ભુજ સ્વામિનારાયણ મંદિર સંસ્થાપિત અને રાપર ગુરુકુળ સંચાલિત સ્વામિનારાયણ વૈદિક ગુરુકુળનું ચાંદ્રાણીમાં આવતીકાલે સવારે ખાતમુહૂર્ત અને શીલાન્યાસ વિધિ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મહંત સદગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સહિતના ઉપસ્થિત રહેશે. દસ એકરની વિશાળ જગ્યામાં આ વૈદિક ગુરુકુળનું નિર્માણ થશે. જેમાં ભણનારા વિદ્યાર્થી પાસેથી કોઈ જ ચાર્જ લેવામાં આવશે નહી. જેમાં અન્નક્ષેત્ર, ગૌશાળા, પ્રયોગશાળા, વેદ સંશોધન કેન્દ્ર, રમત ગમતના મેદાન નિર્માણ પામશે.

--------------------------------------------------------------------------------------------